# 14 જવાબદારી

Scanned with OKEN Scanner

# અભ્યાસ

## શબ્દાર્થ

**Word Power**

| | | |
|---|---|---|
| ધીમું | = | ધીરું (Slow) |
| ઘર | = | મકાન - (House) |
| લાડકું | = | પ્યારું - વહાલું - (Dear) |
| માણસ | = | માનવ - (Human) |
| પિતા | = | પપ્પા - (Father) |
| વ્યાપાર | = | ધંધો - (business) |
| રમત | = | ક્રીડા - (Game) |

Scanned with OKEN Scanner

# શ્રુતલેખન

| | | | |
|---|---|---|---|
| ⇒ વિદેશ | ⇒ સમાચારપત્ર | ⇒ પોલીસ | ⇒ માતાપિતા |
| ⇒ ગૃહિણી | ⇒ અભ્યાસ | ⇒ વાતાવરણ | ⇒ જીવન |
| ⇒ શેરબજાર | ⇒ હૉસ્પિટલ | ⇒ શાંત | ⇒ માણસ |
| ⇒ શૂરવીર | ⇒ ઘાયલ | ⇒ ઉંમર | ⇒ ડૉક્ટર |
| ⇒ ધનવાન | ⇒ પત્રકારો | ⇒ શાબાશી | ⇒ સન્માન |

Scanned with OKEN Scanner

# સ્વાધ્યાય

## ★ લિખિત

૧. નંદિશ ક્યા ધોરણમાં અભ્યાસ કરતો હતો ?
જ. નંદિશ આઠમા ધોરણમાં અભ્યાસ કરતો હતો.

૨. નંદિશના મનમાં શું ખાસ ઈચ્છા હતી ?
જ. નંદિશના મનમાં વર્તમાનપત્રમાં પોતાનું નામ સારા કામ કર્યા માટે આવે તે ખાસ ઈચ્છા હતી.

3. નંદિશના માતા-પિતાનું નામ શું હતું ?
જ. નંદિશના માતાનું નામ પુનિતાબેન અને પિતાનું નામ ભાવિનભાઈ હતું.

૪. નંદિશ વર્તમાનપત્ર આપવા જતાં રસ્તામાં વહેલી સવારે તેણે શું જોયું ?

જ. નંદિશ વર્તમાનપત્ર આપવા જતાં રસ્તામાં વહેલી સવારે ઘાયલ અવસ્થામાં બેભાન પડી રહેલી એક સ્ત્રી પર તેની નજર પડે છે અને તેની પાસે એક બાળક રડતું હોય છે.

૫. ઘાયલ સ્ત્રીને નંદિશ ક્યાં લઈ જાય છે?

જ. ઘાયલ સ્ત્રી અને તેના બાળકને નંદિશ નજીકના દવાખાને સારવાર માટે લઈ જાય છે.

૬. નવી સવારના વર્તમાનપત્રનું મોટા અક્ષરનું મથાળું શું હતું?

જ. વર્તમાનપત્રમાં મોટા અક્ષરે લખેલું હતું - "એક શૂરવીર બાળક નંદિશે બચાવ્યો માતા-પુત્રનો જીવ

૭. આ પાઠમાંથી આપણને શો બોધ મળે છે?

જ. આપણે પણ નંદિશની જેમ કોઈપણ ઘાયલ કે તકલીફમાં આવેલ વ્યક્તિને મદદગાર થવું જોઈએ.

— x — x — x — x — x —

૨. સાચા જવાબ પર (✓) કરો.

૧. નંદિશ એ કેવો પુત્ર છે ?

- ☑ ખુદ્દાર
- ☐ પરાવલંબી
- ☐ લુચ્ચો
- ☐ ચાલાક

૨. નંદિશના પિતા શેમાં નોકરી કરે છે ?

- ☐ સરકારી કચેરીમાં
- ☑ ખાનગી કંપનીમાં
- ☐ દવાખાનામાં
- ☐ શાળામાં

૩. નંદિશ શું કામ કરી માતાપિતા ને મદદરૂપ થાય છે ?

- ☐ દૂધ વેચવાનું
- ☐ શાક વેચવાનું
- ☑ પેપર આપવા જવાનું
- ☐ કપડાં વેચવાનું

૪. વાંચનનો શોખ કોણ ધરાવતું હતું ?

- ☐ પંક્તિ
- ☑ નંદિશ
- ☐ દિશા
- ☐ કિંજલ

૫. નંદિશની શું ઈચ્છા હતી ?

- ☑ વર્તમાન પત્રમાં નામ આવવાની
- ☐ ડૉક્ટર બનવાની
- ☐ શિક્ષક બનવાની
- ☐ વકીલ બનવાની

Scanned with OKEN Scanner

## ભાષાજ્ઞાન

૧. સમાનાર્થી શબ્દો લખો.

| | | |
|---|---|---|
| નાજુક - નમણું | વર્તમાનપત્ર - છાપું | જગ - દુનિયા |
| ખબર - માહિતી | પૈસા - નાણું | સારવાર - દેખભાળ |

૨. વિરોધી શબ્દો.

| | |
|---|---|
| ઈચ્છા × અનિચ્છા | આધાર × નિરાધાર |
| અંધારું × અજવાળું | વર્તમાન × ભવિષ્ય |

૩. જોડણી સુધારો

| | | |
|---|---|---|
| હોસ્પીટલ - હોસ્પિટલ | ચુપ- ચૂપ | આજૂબાજૂ - આજુબાજુ |
| મીડીયા- મિડીયા | પરાપત- પ્રાપ્ત | અંધારીયું- અંધારિયું |

Scanned with OKEN Scanner

# 15 સ્વચ્છતા

Scanned with OKEN Scanner




## શબ્દાર્થ

**Word Power**

| | | | |
|---|---|---|---|
| આહાર | = ખોરાક (food) | ખંજવાળ | = ખુજલી (itching) |
| મેલ | = કચરો (dirt) | સ્નાન | = ન્હાવું (Bath) |
| વિષાણું | = જંતુ (Virus) | ખાટલો | = પલંગ (Bed) |

Scanned with OKEN Scanner

# શ્રુતલેખન

| | | | |
|---|---|---|---|
| ⇒ બિલાડી | ⇒ વ્યુસ્ત | ⇒ ખેતર | ⇒ વ્યામડી |
| ⇒ ખંજવાળ | ⇒ પલંગ | ⇒ શરીર | ⇒ પૌષ્ટિક |
| ⇒ મીઠાશ | ⇒ વ્યાહાર | ⇒ દૂધ | ⇒ ખાતર |
| ⇒ વાનગી | ⇒ કોમળ | ⇒ રોટલો | ⇒ રોગ |
| ⇒ શુધ્ધ | ⇒ ખેડૂત | ⇒ વિષાણું | ⇒ સ્નાન |

x x x x

Scanned with OKEN Scanner

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

૧. **બિલાડી કેવી હતી ?**

બિલાડી સફેદ અને કોમળ વાળ વાળી હતી.

૨. **ખેડૂત એને શું ખાવા આપતો ?**

ખેડૂત તેને રોટલો અને દૂધ ખાવા આપતો હતો.

૩. **ખેડૂત બિલાડીને પોતાની પાસે કેમ આવવા દેતો ?**

બિલાડી પોતાનું શરીર સ્વચ્છ રાખતી હતી તેથી ખેડૂત તેને પોતાની પાસે આવવા દેતો હતો.

### લિખિત

૧. ૧. **ખેડૂતનો છોકરો કેવો હતો ?**

ખેડૂતનો છોકરો ગંદો હતો.

૨. **પુત્રએ પિતાની વાત સાંભળી શું કર્યું ?**

પુત્રએ પિતાની વાત સાંભળી સ્વચ્છ રહેવાનું નક્કી કર્યું.

૩. **ખેડૂતે પુત્રને શું સમજાવ્યું ?**

ખેડૂતે પુત્રને સમજાવ્યું કે માણસે શરીરની સાથે પેટ પણ સ્વચ્છ રાખવું જોઈએ.

૪. **બિલાડી પોતાનું શરીર કેવી રીતે સાફ રાખતી ?**

બિલાડી દૂધ પીને પોતાનું મોં ચાટીને સાફ કરતી હતી.

Scanned with OKEN Scanner

## મૂલ્યવર્ધક પ્રશ્ન

૧. વિદ્યાર્થીઓ દિવસ દરમ્યાન શું શું જમે છે તેની નોંધ કરશે અને ન ખાવા જેવી કેટલી વસ્તુઓ ખાય છે એની પણ નોંધ કરશે.

૨. નીચેની વસ્તુઓ ખાવાથી પોષણ મળે છે. પુલાવ, બટર, ઈડલી, પનીર-મટરનું શાક, ઉપમા, રોટલો, ગોળ, દાળ, બાફેલા મગ, ઘી.

## ભાષાજ્ઞાન

**૧. સમાનાર્થી શબ્દો લખો.**

| | | |
|---|---|---|
| આહાર | - | ભોજન, ખોરાક |
| શરીર | - | તન, કાયા |
| રાત | - | રાત્રિ, નિશા |
| તડકો | - | તાપ |
| સ્વચ્છ | - | ચોખ્ખું, સાફ |

**૨. વિરોધી શબ્દો લખો.**

| | | |
|---|---|---|
| મીઠાશ | × | કડવાશ |
| વારંવાર | × | ક્યારેક |
| શુદ્ધ | × | અશુદ્ધ |
| બળવાન | × | નિર્બળ |
| તડકો | × | છાંયડો |

Scanned with OKEN Scanner

# કહેવતો

૧. નમે તે સૌને ગમે

**નમ્રતા સૌથી મોટો ગુણ છે.**



૨. બહુ તંત બળવંત

**બળ કરતાં અક્કલ વધુ ચઢે.**

૩. બે હાથે લાડવો ના ખવાય

**બંને પક્ષમાંથી ફાયદો ન મેળવી શકાય.**

૪. ભણ્યા પણ ગણ્યા નહીં

**માત્ર જ્ઞાન હોય પણ તેનો વ્યવહારિક અમલ થાય નહીં તો તે જ્ઞાન વ્યર્થ છે.**



૫. મા તે મા , બીજા વગડાના વા

**મા સિવાય બીજું બધુ વ્યર્થ છે.**

Scanned with OKEN Scanner

# રૂઢિપ્રયોગ

**રૂઢિપ્રયોગ અને તેનાં અર્થ જાણો.**

| | |
|---|---|
| ૧. ખો ભૂલી જવી | – જિંદગીભર યાદ રહે તેવો પાઠ શીખવો |
| ૨. કાળાંધોળાં કરવાં | – ખરાબ કામ કરવાં |
| ૩. છાતી ફાટી જવી | – અપાર શોક થવો |
| ૪. જીવ તાળવે રંગાઈ રહેવો | – ચિંતાભરી સ્થિતિમાં મુકાવું |
| ૫. પેટનો ખાડો પૂરવો | – ભૂખ સંતોષવી |
| ૬. માથું કોરાણે મૂકવું | – જીવનું જોખમ ખેડવું |
| ૭. હાથ કાળા કરવા | – કલંક લગાડનારું કામ કરવું |
| ૮. ઝાટકણી કાઢવી | – સખત શબ્દોમાં ઠપકો આપવો |
| ૯. દયા ખાવી | – અશક્ત કે નિર્બળ પ્રત્યે લાગણી થવી |
| ૧૦. માયા લાગવી | – મમતા બંધાવી, લાગણીનો સંબંધ થવો |
| ૧૧. આત્મા ડંખવો | – હૃદય ખૂબ દુઃખી થવું |
| ૧૨. ફજેતી થવી | – બદનામી થવી, આબરૂનો ધજાગરો થવો |
| ૧૩. મિજાજ ગુમાવવો | – મગજનું સંતુલન ખોઈ બેસવું, ખૂબ ગુસ્સે થવું |
| ૧૪. ચીતરી ચડવી | – સૂગ થવી, મનને પસંદ ન પડવું |
| ૧૫. ચસકો લાગવો | – ખોટે રવાડે ચઢવું, ટેવને અધીન થઈ વર્તવું |

Scanned with OKEN Scanner

# દ્વિઅર્થી શબ્દ

## દ્વિઅર્થી શબ્દનો અર્થ

❀ જે શબ્દના કે કોઈપણ સરખા બે શબ્દનો અલગ અર્થ નીકળતી હોય તેને દ્વિઅર્થી શબ્દ કહીશું.

તેવા શબ્દો ઉદાહરણ ના ભાગ સ્વરૂપે નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. **ખોળ** - ખાતર | **ખોળ** - શોધ |
| ૨. **તાજી** - તૈયારીમાં બનાવેલું | **તાજી** - કપાવેલ કેશ |
| ૩. **કાલ** - બીજા દિવસે | **કાળ** - બદલાતો સમય |
| ૪. **રાજ** - આધિપત્ય મેળવવું | **રાઝ** - ગુપ્તતા |
| ૫. **મોર** - પંખી | **મોહર** - તાજી ફૂટેલી કૂંપળ |
| ૬. **કર** - હાથ | **કર** - કરવું |
| ૭. **જીભ** - શરીરનું એક અંગ | **જીભ** - વાહન |
| ૮. **સુત** - પુત્ર, દીકરો | **સૂત** - સૂતર |
| ૯. **અહિ** - સાપ | **અહીં** - અહીંયા |
| ૧૦. **આરસ** - સંગેમરમર | **આળસ** - અહીંયા |
| ૧૧. **ગુણ** - સ્વભાવ, મૂળ લક્ષણ | **ગુણ** - અનાજ ભરવાનો કોથળો |
| ૧૨. **ચિર** - લાંબો સમય | **ચીર** - વસ્ત્ર, પહેરણ |
| ૧૩. **પુર** - શહેર | **પૂર** - નદીમાં વધુ આવતો પાણીનો પ્રવાહ |
| ૧૪. **પ્રસાદ** - કૃપા | **પ્રાસાદ** - મહેલ |
| ૧૫. **રગ** - નસ, નાડી | **રંગ** - કલર |

Scanned with OKEN Scanner

# નિબંધ - હોળી

હોળીનો તહેવાર ફાગણ મહિનાની પૂનમને દિવસે આવે છે.

હોળીનું ધાર્મિક મહત્ત્વ છે. હિરણ્યકશિપુ નામે એક અસુર રાજા હતો. તેનો દીકરો પ્રહલાદ ભગવાનનો ભક્ત હતો. તેના પિતાને તે ગમતું ન હતું. તેમણે પ્રહલાદને મારી નાખવા ઘણાં પ્રયત્નો કર્યા, પણ પ્રહલાદ મર્યો નહિ. તેમણે પ્રહલાદને મારી નાખવા તેની બહેન હોલિકાને કહ્યું. હોલિકા પાસે એક ચૂંદડી હતી. હોલિકા આ ચૂંદડી ઓઢીને ચિતામાં બેસે તો આગ તેને બાળી શકે નહિ, એવું તેને વરદાન હતું. હોલિકા પ્રહલાદને ખોળામાં લઈને ચિતા પર બેઠી. હોલિકા બળી ગઈ અને પ્રહલાદ ભગવાનનો ભક્ત હોવાથી બચી ગયો. તેની ખુશીમાં દર વર્ષે આ તહેવાર ઊજવવામાં આવે છે.

હોળીના દિવસે લોકો ઉપવાસ કરે છે. લોકો લાકડાં અને છાણાં ભેગાં કરી ચોકમાં હોળી તૈયાર કરે છે. સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. લોકો ધાણીચણા વડે હોળીની પૂજા કરે છે. હોળીની પ્રદક્ષિણા કરીને હોળીમાં શ્રીફળ હોમે છે. પછી લોકો મિષ્ટાન્ન જમે છે. હોળીનો બીજો દિવસ 'ધૂળેટી' તરીકે ઓળખાય છે.

હોળી આનંદ - ઉલ્લાસનો તહેવાર છે.

# નિબંધ - મહાશિવરાત્રિ

મહાશિવરાત્રિ હિંદુ ધર્મનો એક અતિ પવિત્ર અને મહત્વપૂર્ણ તહેવાર છે. આ તહેવાર ભગવાન શિવને સમર્પિત છે. દર વર્ષે ફાલ્ગુન માસની કૃષ્ણપક્ષની ચતુર્દશીએ મહાશિવરાત્રિ ઉજવવામાં આવે છે. આ દિવસે ભગવાન શિવ અને માતા પાર્વતીના વિવાહ થયાની માન્યતા છે.

આ દિવસે ભક્તો વહેલી સવારે ઉઠીને સ્નાન કરીને શિવમંદિરે જાય છે. ત્યારબાદ ભગવાન શિવની પૂજા કરવામાં આવે છે. ભક્તો શિવલિંગ પર જળ, દૂધ, દહીં, મધ, ઘી અને બિલ્વપત્ર અર્પણ કરે છે. "ઓમ નમઃ શિવાય" મંત્રનો જાપ કરવામાં આવે છે. ઘણાં ભક્તો ઉપવાસ કરે છે અને રાત્રિ જાગરણ કરીને ભજન - કીર્તન કરે છે તેમજ શિવપુરાણની કથાઓનું પઠન કરવામાં આવે છે.

ભગવાન શિવને સંહારક અને કલ્યાણકારી દેવ માનવામાં આવે છે. તેઓ સાદગી, ત્યાગ અને ધ્યાનના પ્રતીક છે. આ તહેવાર આપણને આત્મસંયમ, સત્ય, સાદગી, સહનશીલતા અને કરુણાનો સંદેશ આપે છે.

આમ, મહાશિવરાત્રિ ભક્તિ અને આસ્થાનો મહાન તહેવાર છે.

=×=×=×=×=

# સંખ્યા : ૧૦૧ થી ૧૨૦

| | | | |
|---|---|---|---|
| ૧૦૧ | - એકસો એક | ૧૧૧ | - એકસો અગિયાર |
| ૧૦૨ | - એકસો બે | ૧૧૨ | - એકસો બાર |
| ૧૦૩ | - એકસો ત્રણ | ૧૧૩ | - એકસો તેર |
| ૧૦૪ | - એકસો ચાર | ૧૧૪ | - એકસો ચૌદ |
| ૧૦૫ | - એકસો પાંચ | ૧૧૫ | - એકસો પંદર |
| ૧૦૬ | - એકસો છ | ૧૧૬ | - એકસો સોળ |
| ૧૦૭ | - એકસો સાત | ૧૧૭ | - એકસો સત્તર |
| ૧૦૮ | - એકસો આઠ | ૧૧૮ | - એકસો અઢાર |
| ૧૦૯ | - એકસો નવ | ૧૧૯ | - એકસો ઓગણીસ |
| ૧૧૦ | - એકસો દસ | ૧૨૦ | - એકસો વીસ |

Scanned with OKEN Scanner